## IIT ગાંધીનગરના વિજ્ઞાનીઓનો દાવો

# ગુજરાત સહિત દેશના 47% ભાગમાં દુષ્કાળ, 16%માં સ્થિતિ ગંભીર

નવી દિલ્હી | દેશના આશરે 47 ટકા ભાગમાં દુષ્કાળ છે. તેમાંથી 16 ટકા વિસ્તાર તો એવો છે, જ્યાંની સ્થિતિ ગંભીર છે. ગાંધીનગર IITના વિજ્ઞાનીઓએ આ અનુમાન દર્શાવ્યું છે. આ વિજ્ઞાનીઓ પર દેશમાં દુષ્કાળની રિયલ ટાઇમ માહિતી આપનારી સિસ્ટમને મેનેજ કરવાની જવાબદારી છે. આ સિસ્ટમના મુખ્ય એસોસિયેટ પ્રોફેસર વિમલ મિશ્રાએ કહ્યું કે અમારા આંકડા જણાવે છે કે ...અનુસંધાન પાના નં. 16

હૃદયના વાલ્વ બદલ્યા. આ વાલ્વની કિંમત 20 લાખ રૂપિયા છે. ખાનગી હોસ્પિટલમાં આની સંપૂર્ણ પ્રક્રિયા માટે 30 લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ મેં ગરીબ દર્દીઓને મફતમાં આ સુવિધા આપી રહ્યા છીએ. આરોગ્યમંત્રીના જણાવ્યા મુજબ દેશમાં આપણી સરકારી હોસ્પિટલ પૈસા વિના સર્જરી કરાતી હોય તેવી પ્રથમ હોસ્પિટલ છે. જે ગરીબ દર્દીઓને આવા ઈલાજની જરૂર છે ડોક્ટરો તેમનું એક લિસ્ટ તૈયાર કરી રહ્યા છે.

## ગુજરાત સહિત...

ઉનાળામાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતા માટે પડકારો ઊભા થશે. અરુણાચલ પ્રદેશમાં આ વર્ષે સારો વરસાદ ન થયો. ઝારખંડ, દક્ષિણ આંધ્રપ્રદેશ, ગુજરાત અને તમિલનાડુનો ઉત્તર ભાગ દુષ્કાળની લપેટમાં છે. જો આ વિસ્તારોમાં આકરો ઉનાળો પડશે તો સંકટ સર્જાઇ શકે છે. દુષ્કાળને કારણે ભૂમિજળનું સ્તર વધુ નીચે જતું રહેશે. અમે જમીનમાં પાણીનું સ્તર રિચાર્જ નથી કરી શક્યા. તેનાથી ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. લાંબા ગાળામાં દુષ્કાળ દેશની અર્થવ્યવસ્થાને અસર કરી શકે છે.

**સ્કાયમેટે કહ્યું હતું- આ વર્ષે દુષ્કાળની સંભાવના નહિવત્**

વિજ્ઞાનીઓના દુષ્કાળ અંગેના અનુમાન કરતાં હવામાન સંદર્ભે આગાહી કરનારી ખાનગી એજન્સી સ્કાયમેટની આગાહી એકદમ વિપરીત છે.

સ્કાયમેટે સોમવારે કહ્યું હતું કે આ વર્ષે દુષ્કાળ પડવાની સંભાવના બહુ ઓછી છે. જૂનથી સપ્ટેમ્બર દરમિયાન સારો વરસાદ પડવાની સંભાવના 50 ટકા સુધી છે. આ વર્ષે અલ નીનોની અસર પણ દેખાવાની સંભાવના બહુ ઓછી છે. આમ સતત ત્રીજા વર્ષે દેશમાં સામાન્ય વરસાદની આગાહી કરાઈ છે.

## ...અને પીઓકેની...

આ સાંભળીને અભિનંદને પિસ્તોલ કાઢીને હવામાં ફાયરિંગ કર્યું, જ્યારે પેલા યુવાનોએ હાથમાં પથ્થર ઉઠાવ્યા. મોહમ્મદ રઝ્ઝાકના કહેવા પ્રમાણે, આ ઘટના પછી